## હરિ નજર - ખરી નજર



આજથી ગણતરી શરૂ ! હવે ગુટખા બંધ થયા એટલે સ્વાસ્થ્ય તો સુધરશે જ, પણ બચતેય થશે !

### જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય જુડો સ્પર્ધામાં મેદાન માર્યું

ગાંધીનગર, તા.૧૧

જિલ્લા રમતગમત અધિકારી સંચાલિત શાળાકીય જુડો સ્પર્ધામાં અંડર-૧૯ મહાત્માગાંધી વિદ્યામંદિરમાં યોજાયેલ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની સારીકા પટેલ પ્રથમ, રીયાબા ગોલ દ્વિતીય, હેમલ ચંદારાણા તૃતીય નંબરે વિજેતા બનેલ છે. આચાર્યા પ્રવિણાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

# સી.એન. પટેલ નર્સીંગ કોલેજ દ્વારા આરોગ્યલક્ષી પ્રદર્શન



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સેકટર-૧૨ ખાતે આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય મંડળ દ્વારા સંચાલિત સી.એન. પટેલ નર્સીંગ કોલેજ ખાતે એક દિવસીય આરોગ્યલક્ષી પ્રદર્શન યોજાયું.

આ પ્રદર્શનમાં નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯૫૧ થી ૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા માનવ સ્વાસ્થ્ય માટેની વિવિધ કમિટિઓ, પોલીસીઓની આંકડાકીય માહિતી તથા સ્થિતિ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ભાવિષાબેન પટેલ તથા તેમની ટીમે ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે કોલેજના કૅમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ, ડૉ. સોમભાઈ પટેલ, આચાર્યા રવિનાબેન તથા પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડીને અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રેરણા વિદ્યાલયના સતિષ પટેલ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યા



ગાંધીનગર, તા. ૧૧

જિલ્લા રમતગમત વિભાગ દ્વારા રાજય કક્ષાએ અન્ડર-૧૯ ફેન્સીંગ સ્પર્ધા સુરત ખાતે યોજાયેલ હતી. પ્રેરણા વિદ્યાલય ગાંધીનગર તરફથી ફેન્સીંગ સ્પર્ધામાં સાંકરિયા આશિષ, નિનામા દર્શના, મુનિયા સોનલ, પટેલ સતિષે ભાગ લીધો હતો. જેમાં સેલટ વ્યક્તિગત સ્પર્ધામાં સાકરીયા આશિષે પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. પટેલ સતિષે સેલર ટીમ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ વિજેતા બન્યો હતો. નિનામા દર્શના અને મુનિયા સોનલે ટીમ્સ ફોઈલ સ્પર્ધામાં તૃતીય નંબરે આવી ટ્રોફી તથા બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. ટ્રસ્ટી શ્રી પ્રદિપસિંહ બિહોલા, આચાર્યશ્રી સ્વાતિબા રાઓલે અભિનંદન પાઠવ્યા છે. રાષ્ટ્રીય કક્ષાએ સતિષની પસંદગી થયેલ છે. શાળા ગર્વ અનુભવે છે.

# ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓની ફેન્સીંગ તથા નેશનલ કક્ષામાં પસંદગી

ગાંધીનગર, તા.૧૧

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ફેન્સીંગ સ્પર્ધામાં અસ્મિતા ચૌધરી પ્રથમ વિજેતા બની ગોલ્ડ મેડલ તથા રૂા. ૪૮૦૦ સ્કૉલરશીપ મેળવેલ છે. દ્વિતીય સ્થાને સેજલ ચૌધરી સિલ્વર મેડલ અને રૂા. ૩૬૦ સ્કૉલરશીપ, મિત્તલ ચૌધરી તૃતીય સ્થાને બ્રોન્જ મેડલ અને રૂા. ૨૨૦૦ સ્કૉલરશીપ મેળવેલ છે.

જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં શાળાની ટીમ તૃતીય વિજેતા બની છે. વિવિધ એથ્લેટિક્સમાં હીના ચૌધરી ૮૦૦મીટર દોડમાં પ્રથમ, રમીલા ચૌધરી લાંબી કૂદ દ્વિતીય, રિદ્ધિ સોલંકી ચક્રફેંકમાં દ્વિતીય, ચૌધરી લલિતા જલદચાલ પ્રથમ, ચૌધરી વર્ષા ઉંચી કૂદ દ્વિતીય વિજેતા બને છે. આચાર્યા સંતોકબેન ચૌધરી, લીલાબેન ચૌધરી, હેતલબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

# જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધામાં ચરાડા હાઈસ્કૂલ મોખરે

ગાંધીનગર, તા.૧૧

કે.જી. હાઈસ્કુલ ચરાડાના વિદ્યાર્થીઓએ વિવિધ વય જૂથમાં પ્રથમ સ્થાન મેળવીને જિલ્લામાં ગૌરવ વધાર્યું હતું.

સિનિયર વિભાગમાં ૩૦૦૦મીટર દોડમાં જય ચૌધરી, જુનિયર વિભાગમાં ૩૦૦૦ મીટર દોડમાં અંકિત ઠાકોર, ૧૫૦૦મીટર દોડમાં અનિલ ઠાકોર, બાળવિભાગમાં ૬૦૦ મીટર દોડમાં અજીત ઠાકોર, ૪૦૦ મીટર દોડમાં વિપુલ રાવળ જ્યારે પાથિક વિભાગમાં ૩૦૦૦ મીટર દોડમાં અજીત ચમાર અને ૧૫૦૦ મીટર દોડમાં પુનમ ઠાકોર રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

વિજેતા ખેલાડીઓને વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. આચાર્ય બાબુભાઈ ચૌધરીએ અભિનંદન આપ્યા હતા.

## આશાબેન બ્રહ્મક્ષત્રિયને આચાર્ય સંઘ તરફથી પારિતોષિક એનાયત

ગાંધીનગર, તા.૧૧

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યાવિદ્યાલય નોન ગ્રાન્ટેડ વિદ્યાર્થીઓની માર્ચ -૨૦૧૨માં સામાન્ય પ્રવાહમાં હાયર સેકન્ડરીમાં પ્રથમ નંબરે ૮૮.૫૩ ટકા આશાબેન ભુપેન્દ્રકુમાર બ્રહ્મક્ષત્રિયને ગાંધીનગર તાલુકા આચાર્ય સંઘ તરફથી તેજસ્વી તારલા પારિતોષિક મેળવેલ છે. આચાર્યા પ્રવિણાબેન ચૌધરી, સ્ટાફ, ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવેલ છે.

# નોન રીપોટીંગની ૯૫૬ બેઠક માટે ટૂંકમાં પ્રવેશ

અમદાવાદ, તા.૧૧

એડમિશન કમિટી ફોર પ્રોફેશન કમિટી (એસીપીસી) દ્વારા એન્જિનિયરીંગ અને ફાર્મસીની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે પરંતુ નોન રીપોટીંગની ૯૫૬ બેઠકો માટે ચાલુ માસના અંતમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. આ ઉપરાંત ડિપ્લોમાંથી ડિગ્રી એન્જિનિયરીંગ (ડીટુડી)ની પણ ખાલી બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે.

એસીપીસી દ્વારા એન્જિનિયરીંગ અને ફાર્મસીની પ્રવેશ પ્રક્રિયાના ત્રણ તબક્કા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી ૧૨ હજારથી વધુ બેઠકો કોલેજોને જાતે ભરવા સોંપી દેવામાં આવી છે.

બીજી બાજુ નોન રીપોટીંગની એન્જિ.ની સરકારી ૨૧૨ બેઠકો અને એસએફઆઈ ૪૭૬ બેઠકો ઉપરાંત ફાર્મસીની ૨૬૮ બેઠકો મળી કુલ ૯૫૬ બેઠકો છે. આ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી કરવા શિક્ષણ કમિશનરે આદેશ કરતા એસીપીસી દ્વારા સપ્ટેમ્બરના અંતમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે.અત્રે ઉલ્લેખનીય છે કે ઉચા મેરીટ નંબરવાળી નોનરીપોટીંગની બેઠકો માટે વિદ્યાર્થીઓને વધુ રસ હોય છે. આ પ્રવેશ પ્રક્રિયાની સાથે ડીટુડીની પણ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે.

# યુવા દિશા કેન્દ્ર દ્વારા ‘સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ’ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૧

યુવા દિશા કેન્દ્ર ગાંધીનગરના ઉપક્રમે કડી કેળવણી મંડળ સંચાલિત અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ અને નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી સેકટર-૨૩માં આવેલ બ્રમાણીકૃપા હોલ ખાતે સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય કૃષિમંત્રી દિલીપભાઈ સંઘાણી દ્વારા કરવામાં આવ્યો હતો. અને તેમને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, આજના દિવસે શિકાગો, ખાતેની ધર્મ સભામાં સ્વામી વિવેકાનંદે ‘બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ’નું ઐતિહાસિક પ્રવચન આપ્યું હતું. તેના અનુસંધાનમાં ‘સ્વામી વિવેકાનંદ પથ પર આગે કદમ’ને ગાંધીનગરથી શરૂ કરી સમગ્ર ગુજરાતમાં લઈ જવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મનપાના કમિશ્નર લલીત પાડલીયા, યુવા દિશા કેન્દ્રનાં ચેરમેન સંજીવ મહેતા, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભાઈ એમ. પટેલ, ગુજરાત રાજ્ય સંચાલિત અકાદમીના સભ્ય સચિવ ડૉ. પ્રદિપ આઝાદ, નહેરુ યુવા કેન્દ્રના સંયોજક રજનીકાન્ત સુથાર અને અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જયેન્દ્રભાઈ ભટ્ટ વગેરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સરકારી વાણિજ્ય કોલેજમાં રકતદાન કૅમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

સરકારી વાણિજય કોલેજ સેકટર-૧૫ના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સ્વ. પ્રો. જે.કે. કાપડીયાના સ્મણાર્થે રકતદાન શિબિર યોજાયેલ હતી. ૬૦ રકતદાતાઓ રકતદાન કરેલ હતું. ગાંધીનગર જનરલ હોસ્પિટલનો સ્ટાફ તથા રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

## લીંબોદરા હાઈસ્કૂલનો પંચામૃત નિબંધ સ્પર્ધામાં સ્નેહલ વાઘેલાનો શ્રેષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પંચામૃત યોજનાની જાણકારી માટે માધ્યમિક શાળાઓમાં નિબંધ સ્પર્ધાઓ યોજાય છે. જેમાં લીંબોદરાની પી.પી.આર. શાહ હાઈસ્કુલની વાઘેલા સ્નેહલબેન ભરતસિંહ નિબંધ સ્પર્ધામાં જિલ્લામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. ઈનામ પેટે રૂા. ૩૦૦૦ મળેલ છે.



ગુટખા પ્રતિબંધનો કાયદાનુસાર અમલ ગુજરાત રાજ્યમાં મંગળવારથી આરંભી દેવામાં આવ્યો છે. મંગળવારે જ અમદાવાદ ખાતે નારણપુરાની એક સ્કૂલના વિદ્યાર્થીઓએ ગુટખા વિરોધી રેલી યોજી હતી અને રાજ્ય સરકારે અમલી બનાવેલા ગુટખા પ્રતિબંધને સમર્થન આપ્યું હતું.

## યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ

# હૉસ્ટેલ લાઈફ મજાની કે સજાની ?



હમણાં હમણાં ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી ઘટનાઓએ શિક્ષણ જગતનું વાતાવરણ ફરી ડહોળી નાખ્યું છે. નવનિયુક્ત કુલપતિ આદેશપાલ માટે આવાનારા દિવસો તેમની કસોટીના રહેશે. એના એંધાણ અત્યારથી જ વર્તાવા માંડ્યા છે. એમની નિયુક્તિ પોતે જ એક વિવાદ ઉભો કરી રહી છે અને ગુજરાત યુનિવર્સિટીનું સંકુલમાં હવા ગરમ થતી રહી છે.

પણ આજે કુલપતિની નિયુક્તિ સંદર્ભે ચર્ચા નથી કરવી. આજે તો એ સિવાયની પણ ચિંતા પ્રેરે એની બે ઘટનાઓ વિશે વાત કરવી છે. ગુજરાત યુનિવર્સિટીની હૉસ્ટેલમાંથી દારૂ સાથે પકડાયેલા વિદ્યાર્થીઓ, પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીએ પોતાના જુનિયર વિદ્યાર્થીઓને મિજબાની કરાવવાનું નક્કી કર્યું અને દારૂ પીવડાવીને જલ્લો કરવો, એવી ઈચ્છા કરી અને એ ઈચ્છા સાકાર પણ થઈ. પરંતુ દારૂનો નશો નશો ચઢે એ પહેલાં પોલીસે છાપો માર્યો અને મિજબાની શૉકસભામાં ફેરવાઈ ગઈ.આ માત્ર એક જ કિસ્સો છે એવું નથી. આવા તો કેટલાય કિસ્સા હશે પણ ભાગ્યે જ પ્રકાશમાં આવતી હશે. ભારતની હૉસ્ટેલો વિવિધ પ્રકારના દૂષણોથી ખદબદે છે એ કડવી અને નકરી વાસ્તવિકતા છે. (અમદાવાદ બધે જ હોય એ વાત વારંવાર ન કહેવાની હોય!) એ વાસ્તવિકતા સામે આંખ મિચામણાં કરવામાં આવે છે એ એનાથી કડવી વાસ્તવિકતા છે.

બીજા એક કિસ્સામાં સિનિયર વિદ્યાથી દ્વારા જુનિયર વિદ્યાર્થી કરવામાં આવેલી હત્યાનો છે. નાની વાત કયારે ઉગ્ર સ્વરૂપ ધારણ કે અને એનો અંજામ કોઈની હત્યા સુધી પહોંચે એવા કિસ્સામાં પણ રોજ રોજ બનતા જાય છે. રીઢા ગુનેગાર દ્વારા જ્યારે આવા કિસ્સા આચરવામાં આવે ત્યારે કદાચ દુખની લાગણી ઓછઈ થાય પણ વિદ્યાર્થીઓ દ્વારા આવા કિસ્સા બને છે ત્યારે વળી વળીને સવાલ આપણા શિક્ષણ અને સંસ્કાર સાથે થાય છે કે આપણે નવી પેઢીને શું આપીએ છીએ?

ઉપરોક્ત બંને કિસ્સા આમ હવે સામાન્ય બનતા જાય છે. પણ એને સામાન્ય ગણીને અવગણવા જેવી નથી. આપણે આવા કિસ્સાઓની અવગણના કરીએ છીએ. એટલે જ હવે એનું પ્રમાણ વધતું જાય છે. પ્રમાણ વધતું જાય છે ત્યારે પણ આપણું વલણ નઠારું થઈ જાય છે. કે હવે, આવું તો સાંજે રોજ બનતું જાય છે. ટૂંકમાં આપણું વલણ બિલકુલ બેફિકરાઈ ભર્યું થઈ ગયું છે. જેને લાગતું વળગતું હોય એ ફૂટયા કરે આપણને શું ?

શિક્ષણનું ક્ષેત્ર હત્યાના લાલ રંગથી ખરડાઈ કે પછી દારૂની ઝેરીલી દુર્ગંધથી વાસ મારતું થઈ જાય ત્યારે એમાં સડો પેસી જતો હોય છે, સડો પેસી ગયા પછી જો એનો ઈલાજ ન કરવામાં આવે તો આખરે એને સ્મશાન સુધી પહોંચતા વાર નથી લાગતી. શૈક્ષણિક સંકુલમાં કે તેની આસપાસ દુર્ઘટનાઓનુ ખૂબ તપાસીએ તો એ કંઈકને કંઈક રીતે હૉસ્ટેલ સુધી પહોંચશે. આપણી હૉસ્ટેલમાં કેવા પ્રકારની સુવિધા(દુવિધા) હોય છે એ વિશે તો અલગથી વિગતે વાત થઈ શકે એમ છે. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં થોડા સમય પહેલાં જ ગર્લ્સ હોસ્ટેલમાં સુવિધાઓના જીદે હોબાળો થયો હતો. ઘરથી અમે ક્યારેક તો વતનથી અતિ દૂર વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા હોય ત્યારે ઘર જેવી સુવિધા ભલે હૉસ્ટેલમાં ન મળે પણ જંગલ જેવી દુવિધા પણ ન હોવી જોઈએ. જો આટલો સુધારો પણ કરવામાં આવે તો શિક્ષણ સંકુલમાં કે તેની આસપાસ વધતા ગુનાખોરીનાં પ્રમાણમાં ઘટાડો થશે ! હૉસ્ટેલની લાઈફએ મજાની લાઈફ હોય છે, એવું ઘણા બધાના જીભે સાંભળ્યું છે. એ મજા કેવા પ્રકારની હોય છે, એ વિશે સાંભળ્યું છે. બિન્દાસ લાઈફ એટલે હૉસ્ટેલની લાઈફ એવું પણ સાંભળ્યું છે. પણ બિન્દાસ લાઈફ એટલે હૉસ્ટેલની નીવડી શકે છે અને એ એટલું બધું ઘાતક નીવડ્યું હોય છે કે હૉસ્ટેલ લાઈફએ મજાની લાઈફ ન બનતા સજાની લાઈફ બની રહે છે!

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા ખાતે વાચન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરાના ગુજરાતી વિભાગ દ્વારા સતત પાંચમાં વર્ષે ૭-૯-૧૨ થી ૯-૯-૧૨ દરમિયાન વાંચન શિબિરનું આયોજન થયું હતું. આ શિબિરમાં રાંધેજા, ગોંડલ, કાલોલ, વલ્લભવિદ્યાનગર, લીંબડી, મહુવા, બોટાદ, ડાકોર અને અમદાવાદ ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ‘આધુનિક અને અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તા’ને કેન્દ્રમાં રાખીને આ ત્રિ-દિવસીય વાચન શિબિરનું આયોજન થયું હતું.

શિબિરનાં ઉદ્ઘાટન તરીકે મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદના આચાર્ય કનુભાઈ નાયક ઉપસ્થિત રહ્યાં હતા. તેમને વાચનની પ્રક્રિયા કેટલી મહત્ત્વની છે એ વાત ઉપર ભાર મૂક્યો હતો. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર અને જાણીતા સર્જક હર્ષદ ત્રિવેદીએ વિદ્યાર્થીના ઘડતરમાં શિબિરની ઉપયોગીતા કેટલી છે એ પોતાના અનુભવને આધારે જણાવ્યું હતું. ઉષાબહેન ઉપાધ્યાયે પણ વાચનનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઉદ્ઘાટન બેઠકનો પ્રારંભ પ્રાર્થના - ભજનથી થયો હતો. સંયોજક કનૈયાલાલ નાયકે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે ધ્વનિલ પારેખ સંપાદિત ‘સાહિત્ય અને સિનેમામાં ઈતિહાસ’ પુસ્તકનું મંગલ પ્રકાશન કનુભાઈ નાયકના હસ્તે કરવામાં આવ્યું હતું.

શિબિરમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા ત્રણ વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. ૭-૯-૧૨ શુક્રવારે ઉષાબહેન ઉપાધ્યાયે આધુનિક અને અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાની આજની ગતિવિધિ રજૂ કરીને હિમાંશી શેલત અને કિરીટ દૂધાતની વાર્તાઓનાં દૃષ્ટાંતો આપ્યા હતા. તા. ૮-૯-૧૨ શનિવારે યોગેશ જોષીએ મધુસૂદન ઢાંકીની ‘તામ્રશાસન’ વાર્તાને કેન્દ્રમાં રાખીને વાત કરી હતી. એમણે વાર્તા અને વાર્તાકાર બંનેની વિલક્ષણતાઓનો પરિચય કરાવ્યો હતો. તા. ૯-૯-૧૨ રવિવારે જગદીસ ગૂર્જરે સુરેશ જોશીની વાર્તા સંગ્રહ ‘ગૃહપ્રવેશ’ની ‘જન્મોત્સવ’, ‘નળદમયંતી’ વગેરે વાર્તાઓને કેન્દ્રમાં રાખીને વાત કરી હતી. સમગ્ર શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ વાચનની સાથે લેખનની પ્રવૃત્તિ પણ કરી હતી. વિદ્યાર્થીઓના જુદા જુદા જુથો વચ્ચે પુસ્તક સમીક્ષા અને સાહિત્યિક પ્રશ્નોત્તરીની સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. શનિવારે બપોર પછી જક્ષણી માતાના મંદિરે વાચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અહીં ધ્વનિર પારેખે ગુજરાતી ભાષા કઈ રીતે વિદ્યારથીઓને ઉપયોગી નીવડી શકે એ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

રવિવારે બપોરે યોજાયેલ સમાપન કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક સુદર્શન આયંગાર ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાપીઠની પ્રવૃત્તિનો ખ્યાલ આપીને કલાઓ - ભાષાઓ માણસને સરખી રીતે જીવતા શીખવે છે, એ વાત પર ભાર મૂક્યો હતો. તેમણે સ્વામી આનંદના ગદ્યનું પઠન પણ કર્યું હતું. સાદરાના પ્રાકૃતિક વાતાવરણમાં વાચન શિબિરમાં વિદ્યાર્થીઓને રસ પડ્યો હતો. સમગ્ર શિબિરનું સંચાલન ગુજરાતીના અધ્યાપક કનુભાઈ વસાવાએ કર્યું હતું.